Extra No. 447
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVI ]** **SATURDAY, DECEMBER 20, 2025 / AGRAHAYANA 29, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૫૫/૨૫.-આગામી તા. ૧૫/૧૨/૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્યના માનનીય ગવર્નરશ્રી આચાર્ય દેવવ્રત નાઓ વિદ્યાનગર એસ.પી. યુનિવર્સીટી ખાતે પદવિદાન સમારોહમાં પધારનાર હોય. મહાનુભાવશ્રી “ઝેડ પ્લસ” સુરક્ષા ધરાવતા હોય. જેથી મહાનુભાવશ્રીની સુરક્ષાની દ્રષ્ટીએ તથા ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે સારૂ તા.૧૫/૧૨/૨૦૨૫ ના સવાર ક.૦૭/૦૦ વાગ્યાથી ક.૧૭/૦૦ સુધી નીચે મુજબ જણાવેલ રૂટ તથા ડાયવર્ઝન રૂટ મુજબનુ જાહેરનામુ અમલમા રહે તે રીતે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં. એલઆઈબી / વિદ્યાનગર / માન.ગર્વરનરશ્રી / કાર્યક્રમ / રૂટ ડાયવર્ઝન / જાહેરનામું / ૧૭૪૮ / ૨૦૨૫ તા.૧૨/૧૨/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ માર્ગ ઉપર જણાવેલ તારીખ તથા સમય દરમ્યાન વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

**-: ડાયવર્ઝન આપવાના માર્ગો :-**

| | |
|---|---|
| રૂટ નં. - ૧ | શહીદ ચોકથી શાસ્ત્રી મેદાન તરફ જતા વાહનો માટે રોડ બંધ કરવો. |
| ડાયવર્ઝન રૂટ - | શહીદ ચોકથી જમણી તરફ વળી રાધે ઢોકળા થી ડાબી વળીને શાસ્ત્રી મેદાન તરફ જઈ શકાશે તથા શહીદ ચોકથી ડાબી તરફ વળીને બાજખેડા ચાર રસ્તાથી જમણી વળીને શાસ્ત્રી મેદાન તરફ જઈ શકાશે. |
| રૂટ નં. - ૨ | ટી.વી.પટેલ સ્કુલ પાસેથી જ્ઞાનોદય ભવન (એસ.પી.યુનિવર્સીટી) તરફ જવાનો રોડ બંધ કરવો. |
| ડાયવર્ઝન રૂટ - | શહિદ ચોકથી કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ થઈને જ્ઞાનોદય ભવન (એસ.પી.યુનિવર્સીટી) તરફ જઇ શકાશે. |
| રૂટ નં. - ૩ | બી.ઓ.બી. ચાર રસ્તાથી શાસ્ત્રી મેદાન તરફ જવાનો રોડ બંધ કરવો. |
| ડાયવર્ઝન રૂટ- | બાજખેડા ચાર રસ્તાથી શાસ્ત્રી મેદાન તરફ જઈ શકાશે. |

| | |
|---|---|
| રૂટ નં. - ૪ | વિદ્યાનગર બસ સ્ટેન્ડ થી બી.જે.વી.એમ. કોલેજ તરફ વાહનો માટે જવાનો રસ્તો બંધ કરવો. |
| ડાયવર્ઝન રૂટ- | વિદ્યાનગર બસ સ્ટેન્ડ ખાતે વાહનો પાર્ક કરીને બી.જે.વી.એમ. કોલેજ તરફ ચાલતા જઈ શકાશે. |
| રૂટ નં. - ૫ | બી.વી.એમ કોલેજથી ભાઇકાકા લાઈબ્રેરી તરફ જવાનો રસ્તો બંધ કરવો. |
| ડાયવર્ઝન રૂટ- | બી.વી.એમ. કોલેજથી એન.સી.સી. બટાલીયન તરફ જઈ શકાશે. |
| રૂટ નં.-૬ | રૂદ્રાક્ષ કોર્નરથી ભાઇકાકા લાઈબ્રેરી તરફ જવાનો રસ્તો બંધ કરવો. |
| ડાયવર્ઝન રૂટ- | એન.સી.સી. બટાલીયન થી શાસ્ત્રી તરફ જઇ શકાશે. તથા કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ થઈને જ્ઞાનોદય ભવન(એસ.પી. યુનિવર્સીટી) જઈ શકાશે. |

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ,**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

--------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.19 17:07:04 IST